૮

ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા અંગે

મુદ્દત લંબાવવા અંગે (તા. ૩૧/૦૩/૨૦૧૭)

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૪૨૦૧૫/૧૩૧૭૦૧/જ,
સચિવાલય, ગાંધીનગર
તા:-૨૦/૦૮/૨૦૧૬

વંચાણમાં લીધા:-

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા:૨૪/૦૮/૨૦૧૫નો અને તા:૦૫/૦૨/૨૦૧૬નો ઠરાવ.

(૨) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૧૯/૭/૨૦૧૬નો પત્ર ક્રમાંક: અવિકો/વસુલાત/૨૦૧૬-૧૭/૩૫૧૧

આમુખ:-

આ વિભાગનાં ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) ના તા.૨૪/૮/૨૦૧૫ના ઠરાવ અન્વયે, ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જ્યંતિની રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલ ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અમલમાં મુકવામાં આવેલ છે તેમજ તા.૫/૨/૧૬ના ઠરાવ અન્વયે આ યોજનાની મુદ્દત તા.૩૧/૭/૨૦૧૬ સુધી લંબાવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ક્રમ(૨) પરના તા:૧૯/૦૭/૨૦૧૬ના પત્રથી વન ટાઈમ સેટલમેન્ટ યોજનાની મુદ્દત વધારવા મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ઉક્ત નિગમની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંગે, વન ટાઈમ સેટલમેન્ટ <u>યોજનાની હાલની સમય મર્યાદા તા.૩૧/૭/૨૦૧૬ના બદલે વધુ ૮ માસ એટલે કે તા..૩૧/૩/૨૦૧૭ સુધી લંબાવવામાં આવે છે.</u>

ઉપર્યુક્ત મંજૂરી નીચે મુજબની શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) નિયામક હસ્તકની તમામ જિલ્લા કચેરીઓ અને નિગમની કચેરીઓના સમગ્ર મહેકમનો ઉપયોગ કરી એક ઝુંબેશ રૂપે વસુલાતની કામગીરી સંયુક્ત રીતે કરવાની રહેશે.

(૨) આ અંગેનો વહીવટી ખર્ચ વસુલાતની રકમના ૨% થી વધે નહીં તે અંગેની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૩) તા.૩૧/૩/૨૦૧૭ સુધીમાં આ કામગીરી પુરી કરવાની રહેશે

(૪) આ યોજના ખાસ ઝુંબેશ તરીકે ચલાવવાની રહેશે અને સક્રીયપણે મોનીટરીંગ કરી વસુલાતની કામગીરી સમય મર્યાદામાં અચુકપણે કરવાની રહેશે.

આ હૂકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાં.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, બી-૧/૧, ૩જે માળ, સેક્ટર ૧૦/એ, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, અ, અ-૧, હ, ગ, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ.